# પાણિયારાં ક્યાં ગયાં

ક્યાં ગયા ચકચકતાં બેડાં પાણિયારાં ક્યાં ગયાં?
ફ્રીઝવાસીઓ! તરસના એ સહારા ક્યાં ગયા?

ગામ આખ્ખું ગર્વ કરતું'તું દિવસમાં સો વખત,
ગામના વડલા સમા એ ભાઈચારા ક્યાં ગયા?

વીજળી ન્હોતી ઘરેઘર માણસાઈના દીવા,
કોડિયાં બળતાં હતાં જે એકધારાં ક્યાં ગયા?

કોણ સાચું બેઉ પક્ષે મન હવે મૂંઝાય છે,
માગનારા ક્યાં ગયા, એ આપનારા ક્યાં ગયા?

કોઈ અભ્યાગત કદી મુંઝાય ના ક્યાંયે જરી,
લાગણીથી પોખતાં'તા એ ઊતારા ક્યાં ગયા?

જે રહ્યા... એ ઠોકરો ખાતા અને નડતા સતત,
જે ગયા એના વિશે થાતું જનારા ક્યાં ગયા?

છે હવે 'મિસ્કીન' 'ટ્રેક્ટર' ખૂબ સારું છે મગર,
થાય છે એ વૃદ્ધ ગાડાં વાળનારા ક્યાં ગયા?

◆

## પિતાજીનું સ્મરણ

ઈંટ-ચૂનાનું ઊભું આ ઘર... પિતાજીનું સ્મરણ,
મંત્રમય વાતાવરણ, અંદર પિતાજીનું સ્મરણ.

ને અમાસી રાત અજવાળી બની જાતી તરત,
ઓરડા અજવાળતો અવસર પિતાજીનું સ્મરણ.

એમની આંખે પૂજાની ઓરડીને જોઉં ત્યાં,
વિશ્વ દેખાડે અજબ ભીતર પિતાજીનું સ્મરણ.

શું ય સચવાયું સતત આ બાગના કણકણ મહીં,
ફૂલ શું? ક્યારા તણા પથ્થર પિતાજીનું સ્મરણ.

આંખ ઝળઝળિયાં ભરી જોતી રહી તસવીરને,
આમ મોતીએ કર્યું સાગર પિતાજીનું સ્મરણ.

એમનાં હરકર્મ રસ્તો ચીંધતાં મુંઝાઉં ત્યાં,
હરકદમ પર જે મળ્યો આદર... પિતાજીનું સ્મરણ.

◆

## વર્ષો થયાં

બે કદમ છેટું હતું પણ ત્યાં જતાં વર્ષો થયાં,
મનથી, શ્રદ્ધાથી ખરેખર ઝૂકતાં વર્ષો થયાં,

મ્હેં મને મળવા કે ભળવા કે પલળવા ના દીધો,
કોચલું તોડી લીલુંછમ ઊગતાં વર્ષો થયાં.

બાપદાદાના સમયની એક જે મૂર્તિ હતી,
ધૂળ એની પાંપણોથી લૂછતાં વર્ષો થયાં.

માણસો સીધા-સરળ મળતા હતા પણ તે છતાં,
આંખ મીંચીને ભરોસો મૂકતાં વર્ષો થયાં.

બંધ રહેવાની મથામણમાં દુઃખી - દંભી થયા,
ખૂલવું સ્હેલું હતું પણ ખૂલતાં વર્ષો થયાં.

રાખવા જેવું હતું એ યાદ ન આવે કશું,
ને દુઃખદ સઘળા પ્રસંગો ભૂલતાં વર્ષો થયાં.

એક ઝટકે જાય છૂટી એ જ છે 'મિસ્કીન' ખરું,
છોડવું કોને હતું? તે છૂટતાં વર્ષો થયાં.

◆

## જગદંબા અને ભક્ત

રૂપ નોખું નામ નોખું,
હર વખતનું કામ નોખું,

તું બધે સરખી પ્રગટ પણ,
હર તીરથ હર ધામ નોખું.

મંત્રની કેવી કમાલો,
મન હવે નિષ્કામ નોખું.

ભક્ત મામૂલી જીવે સૌ,
તોય જીવન આમ નોખું.

આભ થૈ સઘળે છવાઈ,
શું વસાવું ગામ નોખું.

◆

## બાનો જન્મદિન...

યાદ રાખીને ઉજવતીતી બધાનો જન્મદિન,
હા નહોતો યાદ બાને માત્ર બાનો જન્મદિન.

દીપ પ્રગટાવી, કરી પૂજા, વડીલોને નમું,
મીણબત્તીમાં બુઝાયો એ પ્રથાનો જન્મદિન.

એ કલા દરરોજ-બારેમાસ પ્રગટે તો મઝા,
કાળજીથી હું બનાવું છું મઝાનો જન્મદિન.

ને ફરી પાછું થયું આયુષ્યનું ઓછું વરસ,
ઉજવ્યો સૌએ ફરી મોટા થયાનો જન્મદિન.

એ જ દિવસે બાનું મૃત્યુ ને બધું ભૂલી ગયો,
શું ગણું મનખાના મેળે આવ-જા, નો જન્મદિન.

જે મળે બાળક દુઃખી આપું છું 'મિસ્કીન' ચૉકલેટ,
ઉજવું છું રોજ હું મારા ગજાનો જન્મદિન.

◆

## રાજેશ વ્યાસ ક્યાં?

જન્મની પળ શ્વાસ ક્યાં? ઉચ્છ્વાસ ક્યાં?
ક્યાં હતું જીવન? વિરોધાભાસ ક્યાં?

શ્વાસ 'મા' લેતી હતી મારા વતી,
ક્યાં હતું અંધારું કે અજવાસ ક્યાં?

એ રુદન પહેલું અને શ્વાસો શરૂ,
હું અલગ છું...નો હતો અહેસાસ ક્યાં?

ક્યાં હતો કોઈ ધરમ-ધંધો વળી,
ને હતો હા હુંય રાજેશ વ્યાસ ક્યાં?

બહાર ને ભીતર ધબકતો રાખતી,
છે ગઝલ 'મિસ્કીન' એ છે શ્વાસ ક્યાં?

◆

## ભૂલી જા બધું

શું વળી ઉપકાર ને અપકાર, ભૂલી જા બધું,
ખટપટોથી છે ભર્યો સંસાર, ભૂલી જા બધું.

અવસરો તહેવાર ને વ્હેવાર ભૂલી જા બધું,
છે ફકત સાચો હૃદય ધબકાર, ભૂલી જા બધું.

એ ચમત્કારો અને અવતાર, ભૂલી જા બધું,
તું જ તારો માત્ર તારણહાર, ભૂલી જા બધું.

બે ઘડીની છે બધી ચકચાર, ભૂલી જા બધું,
માણસો પણ છે અહીં અખબાર, ભૂલી જા બધું.

મન વગર અઢળક સંબંધો ક્યાં લગી ઊંચક્યા કરીશ?
અંતમાં માણસ ઊંચકશે ચાર, ભૂલી જા બધું.

તું ખરીદી નહીં શકે આયુષ્યની એકેય પળ,
વ્યર્થ સૌ વ્હેપાર-કારોબાર, ભૂલી જા બધું.

જીવ પેઠે સાચવ્યો'તો કોઈ પણ ભોગે સદા,
કૈંકના ઠેબે ચઢ્યો હુંકાર, ભૂલી જા બધું.

તું ફકત ખળખળ વહી જા એ જ છે 'મિસ્કીન', મજા,
કૈં નથી આ પાર કે ઓ પાર, ભૂલી જા બધું.

◆

## હિમ્મત ના રહી

કોઈ ખેતર, કોઈ મિલકત ના રહી,
ગામમાં જાવાની હિમ્મત ના રહી.

આંસુઓમાં સાવ ભૂંસાઈ ગઈ,
બાપદાદાની વસિયત ના રહી.

છે બધા ફળિયામાં વંડીઓ હવે,
કોઈ મજિયારી મહોબ્બત ના રહી.

ગામ મારું શ્હેરની નબળી નકલ,
ક્યાંયથી પોતાની કિસ્મત ના રહી.

એ જ એનું એ જ છે સઘળું છતાં,
સર્વ બદલાયું, એ બરકત ના રહી.

◆

## શ્હેરનું ઘર

એ છાજલી નથી કે કશે જાળિયાં નથી,
અય દોસ્ત નવા ઘરમાં ક્યાંય માળિયાં નથી.

ફળિયાંય નથી ક્યાંય, કશે ઝાળિયાં નથી.
એ હીંચકા, એ મેજ કે એ ઢાળિયાં નથી.

સરખું જ પ્રદૂષણ ને સરખી રોશની બધે,
આ શ્હેરમાં અંધારિયાં-અજવાળિયાં નથી.

ન ક્યાંય પટારા ન પાણિયારાં ક્યાંય પણ,
પાદર નથી કશે જ કશે પાળિયા નથી.

કરતો તો રક્ષા ગામની ત્યાં કાળિયો ઠાકર,
આરસના મંદિરોના પ્રભુ કાળિયા નથી.

◆

## ઇજ્જત કેટલી

આપણાં દુઃખની અને પીડાની કિંમત કેટલી?
ઓ ગરીબી! બોલ અંદરખાને ઇજ્જત કેટલી?

મન અને કેવું જીવન એના ઉપર આધાર છે,
બહારથી ના માપ કોની છે ઇબાદત કેટલી?

એક પળમાં રંગ સઘળા રૂપ લઈ ઊડી ગયા,
જિંદગી આખ્ખી કરી'તી મેં હિફાજત કેટલી?

થૈ ગયો એ શખ્સ પૈસાદાર રાતોરાત કૈં,
સાવ ઓચિંતી ગઈ બદલાઈ આદત કેટલી?

પાંચસોની નોટમાંથી સો ને અંતે રૂપિયો,
દાનપેટી લગ જતાં બદલાઈ દાનત કેટલી?

શું ફરક? ક્યાંથી પડે? આરંભમાં કેવી હતી?
ખૂબ ચાલી ભ્રષ્ટ થૈ ગઈ છે બગાવત કેટલી?

◆

## અર્થ શું થાતા હશે?

ગામ ઇચ્છા થાય ત્યાં વસતાં - ખસેડાતાં હશે,
સાવ પાકા ઘર ટ્રકોમાં આવતાં-જાતાં હશે.

સૌ તળાવો ને નદી ભરપૂર છલકાતાં હશે,
ને મશીનોથી ઋતુના રંગ પલટાતા હશે.

ના પ્રદૂષણ ક્યાંય, કેવળ શુદ્ધ ને તાજી હવા,
વૃક્ષ પણ વિટામિનોની ગોળીઓ ખાતાં હશે.

હા, હશે પ્રત્યેક માણસનુંય પ્રોગ્રામિંગ થયું,
યંત્રવત્ સૌ કામમાં પરફેક્ટ દેખાતા હશે.

ને હશે આયુષ્ય થાકી જાવ ત્યાં લગ દેહનાં,
પાર્ટ્સ જૂના થાય તો બ્રાન્ડેડ બદલાતા હશે.

ના તરસ, ના ભૂખ - નિદ્રા, લાગણી, આંસુ નહીં,
હે હૃદય! એવા જીવનના અર્થ શું થાતા હશે?

◆

# વળાંકે

ઊભું'તું કોઈ જોતું રાહ પાદરના વળાંકે,
રઝળતો'તો નગરમાં શખ્સ જીવતરના વળાંકે.

કયું બળ છે જગતમાં દોડતા રાખે નિરંતર,
કયું ખેંચાણ થકવી જાય છે ઘરના વળાંકે.

ઘણી વાતો અજુગતી આજ લાગી બાળકોની,
મને લાગ્યો અચાનક હુંય ઉમ્મરના વળાંકે.

ગયું આખ્ખુંય ઘર વિખરાઈ પૈસાદાર થઈને,
કમાલો પણ કરી કેવી મુકદ્દરના વળાંકે.

તરંગાતું રહ્યું તરસ્યું બનીને જળ પળેપળ,
ટહેલવા નીકળ્યું કોઈ સરોવરના વળાંકે.

અને હર શખ્સ ઓચિંતો જ કૈં ઝડપાઈ જાતો,
રહે સંતાઈને મૃત્યુ બરાબરના વળાંકે.

◆

## ચાલનારા છે નવા

એ જ રસ્તાઓ પુરાણા, ચાલનારા છે નવા,
આ જગતમાં આવનારા ને જનારા છે નવા.

એ જ સત્તા એ જ ઝાકમઝોળ, એ જૂના મહેલ,
માત્ર સિંહાસન ઉપર સૌ બેસનારા છે નવા.

પ્રાર્થનાઓ ને પૂજાઓ એ જ ઘંટારવ સહજ,
માત્ર કાયમ માગવા સૌ આવનારા છે નવા.

ઘર - મકાનો - બંગલા તૂટે, ફરી પાછા નવા,
એ જ શ્હેરો ગામડાં... પણ જીવનારા છે નવા.

પુત્ર લેતા સ્થાન પિતાનું પિતા ઘરડો હવે,
બાવડું ને હાથ કેવળ ઝાલનારા છે નવા.

◆

## સાધુ

હરકદમ પર અવનવા રૂપે સતત પડકાર સાધુ,
માત્ર દઢ સંકલ્પ ઊતારી ગયો છે પાર સાધુ.

ક્યાંય કિનારો નથી સરખી બધે મઝધાર સાધુ,
હોય છે કેવળ સ્મરણનો એકલો આધાર સાધુ.

કલ્પનામાં-માન્યતામાં ક્યાંક શ્રદ્ધામાં ઊભેલો,
આપણા જેવો જ કાયમ આપણો કિરતાર સાધુ.

કોઈની પાસે જરા બેઠા ને આપોઆપ પ્રગટ્યું,
કોઈએ આમ જ કર્યો છે દૂર આ અંધાર સાધુ.

એકસરખા રંગ સઘળા, એકસરખી છે રમત સૌ,
એકસરખું છે ધબકતું કોઈ અંદર બહાર સાધુ.

આટલું કેવળ સમજવામાં પૂરી થઈ જિંદગી આ,
હોય તરસ્યો એ જ વરસી જાય અનરાધાર સાધુ.

◆

## એકે હજારા

કોઈ પોતામાં ઊતર્યો ઊંડે, કોઈ આ દેહ બહાર થૈ ચાલ્યો,
કોઈ બિંદુ બની ગયો ભીતર, કોઈ અઢળક અપાર થૈ ચાલ્યો.

કોઈમાં શબ્દ બ્રહ્મ થૈ ખૂલ્યો, કોઈ શબ્દોની પાર થૈ ચાલ્યો,
સાવ ખાલી થઈ ગયો કોઈ, ને કોઈ બેસૂમાર થૈ ચાલ્યો.

કોઈ આનંદમય થયો હરપળ ને કોઈ અશ્રુધાર થૈ ચાલ્યો,
કોઈ બેઠો બધુંય ભૂલીને, કોઈ સ્મરણોની હાર થૈ ચાલ્યો.

આ પશુ, પંખી, માનવી, પુષ્પો કોઈને તીર્થ સમ બધું લાગ્યું,
કોઈ પોતે જ પરમ પાવનનું આગવું તીર્થદ્વાર થૈ ચાલ્યો.

કોઈ સાધુ ને કોઈ સંસારી ભક્ત કોઈ અને કોઈ યોગી,
એકના ભાગ બધાએ પાડ્યા એય એકે હજાર થૈ ચાલ્યો.

◆

## ન બોલાય કૈં...

કોણ? શું છે? ખરેખર ન સમજાય કૈં,
જાય સમજાઈ તો પણ ન બોલાય કૈં.

કોણ વચ્ચે છે? દુનિયા અને આંખની,
કેમ દેખાય કૈં ને ઉકેલાય કૈં.

હાથમાં હોય છે હાથની વાત ક્યાં?
કૈંક ઇચ્છો તમે ને બની જાય કૈં.

આવ સમજાવ આવું થતું કાં મને?
તુંજ સ્પર્શાય છે જ્યારે સ્પર્શાય કૈં.

માત્ર આંસુ ને આંસુ હૃદયમાં છતાં,
આંખ જાણે છે અમથું ન રોવાય કૈં.

ક્યાં લગી વાંક 'મિસ્કીન' ગણું આંખનો?
કૈંક જોવા ગયા હો ને દેખાય કૈં.

◆